॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥

॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्वितम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥


ધ ટાઈમ્સ ઓફ

# કંસારા સમાજ

સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર

વર્ષ : ૧૫ અંક : ૧૭૯ તા.૧૫-૧૨-૨૦૨૪ કિંમત : રૂ.૨-૦૦

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ






## આનંદ, ઉમંગ, ઉલ્લાસ સાથે સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ સેવા ટ્રસ્ટનો બહુચરાજી મુકામે સંમેલનનો કાર્યક્રમ સંપન્ન.

## કાર્યકર બહેનોને ખૂબ ખૂબ અભિનંદન.

Web : www.samastkansara.com e-mail : samastkansaramb@gmail.com sksgujarat@gmail.com

# બહુચરાજી મહિલા સંમેલન



# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
## (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)



**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ (કંસારા ટાઈમ્સ)**

: પ્રમુખશ્રી :
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

: સલાહકાર મંડળ :
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

: માનદ્ તંત્રી :
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

: સંપાદક મંડળ :
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

: કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે:
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
''બી'' બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો/વડીલો.

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હું આશા રાખું છું.

તારીખ ૧ લી જાન્યુઆરી થી ૨૦૨૫ નું નવું વર્ષ શરૂ થાય છે તે બદલ સર્વે જ્ઞાતિજનોને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

તાજેતરમાં તારીખ ૨૨-૧૨-૨૦૨૪ ના રોજ બહુચરાજી મુકામે સમસ્ત કલ્યાણી મહિલા વિકાસ ટ્રસ્ટ ના ૧૫ માં મંગલ પ્રવેશ નિમિત્તે જે કાર્યક્રમ યોજાયો તેની આહલાદક સફળતા બદલ આ ટ્રસ્ટ તમામ હોદેદાર શ્રીઓ તથા ટ્રસ્ટીશ્રીઓ અને આ કાર્યક્રમમાં ભાગ લેનાર જ્ઞાતિના વિવિધ ગોળ / ઘટક ની જુદા જુદા ગામની બહેનોને પણ ધન્યવાદ આપું છું. અને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી માયાબેન કોડનાની મેડમના પ્રભાવિત પ્રાસંગિક પ્રવચનથી જ્ઞાતિની બહેનો પ્રવચનના શબ્દો ગ્રહણ કરે અને વાસ્તવિક જીવનમાં સમાજના વિકાસ માટે તે અમલમાં મૂકે તેવી તેવીવિનંતી કરું છું.

વિશેષમાં સમસ્ત કંસારા સમાજના કંસારા ટાઈમ્સ જે નિયમિત મળતું નથી તેવી સામાન્ય ફરિયાદો સામે કંસારા ટાઈમ્સની અંકો નિયમિત મળે છે અને પોસ્ટ ખાતાની કદાચ બેસરકારી ને કારણે કેટલાકને નહીં મળતા હોય તેવી અભિપ્રાય સુરત નિવાસી શ્રી મનોજભાઈ મહેતા (કંસારા) કે જે આજીવન સભ્ય છે અને સુરત ખાતે સામાજિક કાર્યકર પણ છે. તેઓશ્રી એ મને whatsapp દ્વારા મેસેજ મોકલીને કંસારા ટાઈમ્સ નિયમિત મળે છે તે પ્રકારનો સંતોષ વ્યક્ત કર્યો છે. આ મેસેજ વંચાણે લેતા એટલું કહી શકાય કે, સમસ્ત કંસારા સમાજના કંસારા ટાઈમ્સના અંકો નિયમિત રીતે સમાજ દ્વારા દર મહિને પોસ્ટ ખાતા દ્વારા જે તે ગામના સભ્યોની યાદી સાથે રવાના કરવામાં આવે છે. પરંતુ ક્યારેક સ્થાનિક પોસ્ટ ઓફિસ ની બેદરકારી ને કારણે જૂજ સંખ્યામાં આજીવન સભ્યોને કંસારા ટાઈમ્સ ના અંકો નહીં મળતા હોય તે હકીકત સંભવિત છે.

જેથી આવા પ્રકારના કિસ્સાઓમાં સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરી જરૂર જણાયે આ બાબતમાં ફરિયાદ કરી આવી ખામીઓ દૂર કરવા સમાજને મદદ રૂપ થવા સહકાર આપવા હુ વિનતી કરું છું.

કંસારા ટાઈમ્સની આર્થિક સ્થિતિ સધ્ધર બનાવવા માટે દરેક ધંધાની જાહેરાત - સ્વૈચ્છિક ભેટ - પરિવારમાં શુભ પ્રસંગોને અનુલક્ષીને આર્થિક સહયોગ આપે તેવી દરેક ગોળ-ઘટકના કંસારા જ્ઞાતિજનો ને સર્વેને નમ્ર વિનંતી કરું છું.

સર્વે જ્ઞાતિજનોને મારા જય માતાજી - જયશ્રી કૃષ્ણ - જય શ્રી ગોપાલ - જય સ્વામિનારાયણ - જય મહારાજ.

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)


**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**



# શ્રી ગુજરાતી કંસારા મહામંડળ-મુંબઈ, ૭૮માં વાર્ષિક સ્નેહ સંમેલનનો અહેવાલ

– શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈ વતી, મહેશ મથુરદાસ દૂધેલા (પ્રમુખ), પરેશ નંદલાલ કળથીયા (સચિવ)

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ-મુંબઈની ૭૮મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળ દ્વારા આયોજીત સ્નેહસંમેલન, અમૃત મહોત્સવ તથા પ્રીતિભોજન સમારંભ તારીખ ૧ ડિસેમ્બર ૨૦૨૪, રવિવારના રોજ ભાયંદર (મુંબઈ) મુકામે શ્રી રાજસ્થાન હોલમાં યોજવામાં આવેલ.

દર બે વર્ષે યોજાતા, આ અમૃત મહોત્સવ સમારંભમાં, ૭૫માં વર્ષમાં પ્રવેશેલ કે તેથી મોટી ઉંમરના શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈના સભ્ય હોય તેવા વડીલોનું શ્રીફળ અને મીઠાઈ સાથે શૉલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે.

શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ મંડળ ઝાલાવાડના પ્રમુખ, વિવિધ વિકાસલક્ષી કાર્યમાં અગ્રેસર તેમજ મૃત્યુ સહાય યોજનાના વર્તમાન સુકાની, જ્ઞાતિજનોના વિકાસની ઉચ્ચ ભાવનાને સદાય પોતાના હૃદયમાં પ્રજ્વલિત રાખી, જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે ઘણા વર્ષોથી સતત પ્રવૃત્તિશીલ એવા શ્રી કિરણભાઈ લક્ષ્મીચંદદાસ દંગી, સમારંભના મુખ્ય અતિથિ પદે બિરાજમાન હતાં.

સમારંભના કાર્યક્રમોને ત્રણ સભામાં વહેંચવામાં આવેલ.

**પ્રથમ સભાઃ**

સર્વ પ્રથમ મુંબઈ તેમજ દેશ-દેશાવરમાં વસતા જ્ઞાતિજનોના શ્રી ઠાકોરજી-શરણ પામેલા સગા-વહાલાઓને શ્રધ્ધાંજલી અર્પવામાં આવી.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના હોદ્દેદારો તથા આમંત્રિત મુખ્ય અતિથિ શ્રી કિરણભાઈ લક્ષ્મીચંદદાસ દંગી દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ગણેશવંદના, સ્વાગત ગીત, નૂતન વર્ષના સંદેશ, તેમજ પ્રમુખશ્રી મહેશભાઈના સ્વાગત પ્રવચનથી સભાની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ બહારગામથી પધારેલ મહેમાનોનું મોરપંખ તેમજ ફૂલના બુકે આપી સ્વાગત કરવામાં આવેલ.

પ્રતિભાશાળી બાળકો દ્વારા શ્રી રામકથામાં આવેલ શબરીના બોર’ પ્રસંગનું નાટ્ય રૂપાંતરણ તથા શાસ્ત્રીય રાગ વિશેની સંક્ષિપ્ત માહિતી સાથે હાર્મોનિયમ વાદન જેવા પરંપરાગત કાર્યક્રમોએ જ્ઞાતિજનો તથા મહેમાનોનું દિલ જીતી લીધું.

બહેનો તથા બાળકો માટેની અવનવી વિવિધ હરિફાઈઓ યોજવામા આવેલ જેમાં બાળકો અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ શ્રી કિરણભાઈએ હરીફાઈ નિહાળી તેમજ બહેનો-બાળકોની કલાને બિરદાવીને પ્રોત્સાહિત કર્યા.

કોઈપણ હોદા કે સન્માનની અપેક્ષા વગર, નિઃસ્વાર્થ સમાજસેવાના કાર્યો કરનાર તેમજ ‘મારી માતૃ સંસ્થા, મારું

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

યોગદાન' જેવી યોજનાના પ્રણેતા શ્રી રાજેશ છબીલદાસ કંસારાનું મૅનેજિંગ ટ્રસ્ટી, શ્રી પરાગ ગોરડિયા તેમજ પ્રમુખ, શ્રી મહેશ દૂધેલા દ્વારા શૉલ તેમજ શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું.

સરસ્વતી સન્માન અંતર્ગત ધોરણ ૪, ૭, ૧૦, ૧૨, સ્નાતક તેમજ અનુસ્નાતક શ્રેણીમાં મેરીટ અનુસાર પ્રથમ તેમજ દ્વિતીય આવેલ આપણા સમાજના મુંબઈના સ્થાનિક વિદ્યાર્થીઓને વિવિધ દાતાઓ દ્વારા સ્પોન્સરડ યોજનાઓ અંતર્ગત, તેમજ રમતગમત (સ્પોર્ટ્સ) અને ઈતર પ્રવૃત્તિઓની હરીફાઈમાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજય કે જિલ્લા સ્તરે અવ્વલ સ્થાને આવેલ બાળકોને 'કૌશલ્ય પુરસ્કાર યોજના' અંતર્ગત, યોગ્યતા અનુસાર, પુરસ્કાર, ટ્રોફી અથવા મેડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ.

ત્યારબાદ ઉત્કૃષ્ટ તેમજ સ્વાદિષ્ટ ભોજનના રસાસ્વાદ સાથે પ્રથમ સભા સંપૂર્ણ થઈ.

**દ્વિતીય સભા**

મધ્યાહન ભોજન બાદ, શ્રી રાકેશ કાગડાના સુરીલા કંઠે, દેશભક્તિના ગીતથી દ્વિતીય સભાની શરૂઆત કરવામાં આવી. જેમાં નાની વયની બાળકી દ્વારા ભાગવત ગીતાના શ્લોકનું પઠન તેમજ 'માં નું વાત્સલ્ય' કાર્યક્રમમાં માતા-પુત્રના ભાવો 'તારે જમીન પર ફિલ્મના ગીત પર ખુબજ સુંદર રીતે દર્શાવવામાં આવ્યા.

ગત વર્ષે પરણિત નવયુગલોના સન્માન બાદ, બાળકો દ્વારા, શ્રી નારાયણ સ્વામીના ભજન 'સમજણ જીવનમાંથી જાય'ની દરેક કડી પર લઘુ-નાટિકા દ્વારા ખુબ જ સરળતાથી આ ભજનનો ભાવાર્થ રજુ કરવામાં આવ્યો હતો જેને સર્વેએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

ત્યારબાદ, આજના કાર્યક્રમના મુખ્ય આકર્ષણ એવા અમૃત મહોત્સવ સમારંભ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. શ્રી ગુજરાતી કંસારા મહામંડળ તેમજ શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળના યુવાઓએ, ૭૫માં વર્ષમાં પ્રવેશેલ કે તેથી મોટી ઉંમરના, શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈના સભ્ય હોય તેવા વડીલો ને એસ્કોર્ટ કરી માનસભર સ્ટેજ પર આવકાર્યા હતા અને શ્રીફળ અને મીઠાઈ સાથે શૉલ ઓઢાડીને સન્માન કરી તેમને આશીર્વચન આપવા વિનંતી કરેલ.

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના પ્રમુખ શ્રી મહેશભાઈ દુધેલાના પ્રાસંગિક પ્રવચન બાદ મુખ્ય અતિથિ શ્રી કિરણભાઈને પ્રમુખ શ્રી મહેશભાઈએ શ્રીફળ, શૉલ તેમજ મોરપંખ તેમજ ફૂલના બુકે અર્પી સન્માનિત કર્યા હતાં.

શ્રી કિરણભાઈએ જ્ઞાતિના સભ્યો તેમજ યુવાનોને વિવિધ કાર્યક્ષેત્રે, સમાજ સેવામાં કેમ આગળ વધવું એ વિષે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું સાથે જ શ્રી કિરણભાઈએ પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રી ગુજરાતી કંસારા મહામંડળ, મુંબઈની કાર્યપદ્ધતિ ને બિરદાવી હતી અને સાથે જ શ્રી ગુજરાતી કંસારા મહિલા પ્રગતિ મંડળને ખુશી ભેટ રૂપે કુલ ૫,૦૦૦/- નું અનુદાન જાહેર કરેલ.

**તૃતીય સભા**

શ્રી ગુજરાતી કંસારા મહામંડળના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પરાગભાઈ દ્વારા આભારવિધિ બાદ અમૃત મહોત્સવ સમારંભ સંપન્ન કરવામાં આવ્યો.

તૃતીય સભાની શરૂઆતમાં મહામંડળના સચિવ શ્રી પરેશ કળથીયાએ તારીખ, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ રજુ કરી, જે અગાઉથી આ વર્ષના વાર્ષિક અહેવાલમાં પ્રકાશીત કરવામાં આવેલ હોવાથી, વાંચેલ જાહેર કરાઈ. આ સંબંધિત નોટિસમાં જણાવ્યા મુજબ કોઈ જ્ઞાતિજન તરફથી પ્રશ્નાવલી ન હોવાથી સર્વસંમતિથી પસાર થયેલ જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ મહામંડળના ખજાનચી શ્રી





ભાવિક દંગીએ ઓડિટ થયેલા હિસાબોની રજુઆત કરી. આ હિસાબો માટે પણ કોઈ પૃચ્છા ન આવતા ઑડિટેડ હિસાબો સર્વાનુમતે સર્વાનુમતે બહાલી આપી પસાર કરવામાં આવ્યા.

આ વર્ષની તૃતીય સભાની લાક્ષણિકતા એટલે શાનદાર પદગ્રહણ અને શપથવિધિ. આ પદગ્રહણવિધિ વખતે ટ્રસ્ટી શ્રી જયંત ખાખી તેમજ નવા વરાયેલ Chief Executive Trustee (CET) શ્રી જયપ્રકાશ દૂધેલા એ સભ્યો, ખજાનચી, સચિવ, ઉપપ્રમુખ, પ્રમુખ અને તેવી જ રીતે મૅનેજિંગ ટ્રસ્ટી તથા ટ્રસ્ટીઓની ફરજ વિષે વિગતવાર સમજણ આપી. પદગ્રહણ વિધિ સંપન્ન થયા બાદ, હોલમાં ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનો તેમજ મહેમાનોએ નવા વરાયેલ સભ્યો અને હોદેદારોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા.

અંતે અરલી બર્ડ લકી ડ્રો અને લ્હાણી વિતરણ બાદ રાષ્ટ્રગીત તેમજ 'ભારત માતાની જય' ના નારા સાથે આજના દિવસના કાર્યક્રમો પૂર્ણ કરવામાં આવ્યા.

આખરે હર્ષોલ્લાસ સાથે ગરબા રમી, રાત્રીનું ભોજન લઈ સર્વે જ્ઞાતિજનોએ વિદાય લીધી.


શુભેચ્છક : કંસારા મનિષકુમાર ભરતકુમાર (ભરતકુમાર બાબુલાલ) પરિવારના જયશ્રી કૃષ્ણ
ખજાનચીશ્રી - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ    પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શુભેચ્છક : શ્રી અનિરૂધ્ધભાઈ પાનાચંદભાઈ કંસારા પરિવારના જય શ્રીકૃષ્ણ
અમદાવાદ.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

# શ્રી કંસારા જ્ઞાતિ મંડળ, મહેસાણા
# વાર્ષિક સ્નેહ મિલ કાર્યક્રમ

- શ્રી કંસારા જ્ઞાતિ મંડળ મહેસાણા -
પ્રમુખ : કંસારા હરેશભાઈ શાંતિલાલ (સી.એ.)



શ્રી કંસારા જ્ઞાતિ મંડળ મહેસાણાના વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન તા. ૮-૧૨-૨૦૨૪ ને રવિવારે ''વાઈલ્ડ વુડ પાર્ટી હોલ'' સ્થળે કરવામાં આવ્યું હતું.

આ સ્નેહ મિલન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે નીચેના મહાનુભાવોને આમંત્રણ આપવામાં આવેલ હતું.

(૧) શ્રી મણીભાઈ ભીખાલાલ કંસારા (પ્રમુખશ્રી ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, અમદાવાદ)

(૨) શ્રી હસમુખભાઈ એલ. ખાખી - અમદાવાદ (કંસારા જ્ઞાતિ મેરેજ બ્યુરોના કન્વીનર)

(૩) શ્રીમતી પ્રેમલતાબેન ખોખરા - વઢવાણ (વઢવાણ નગરપાલિકા કાઉન્સીલર)

ઉપરોક્ત મહાનુભાવો અમારા આમંત્રણને માન આપી સમયસર પધારેલ હતા. તે ઉપરાંત વઢવાણથી શ્રીમતી હર્ષાબેન દંગી પણ પધારેલ હતા. તેઓશ્રીએ મહેસાણા શહેરના કંસારા જ્ઞાતિના પરિવારો તેમજ બાળકો સાથે હાજર રહી પ્રોગ્રામને સફળ બનાવવા પુરતુ યોગદાન આપેલ હતું. સમારંભનું સંચાલન શ્રીમતિ ગોપીબેન જીજ્ઞેશકુમાર તથા શ્રીમતિ કૃષિ રૂતુલકુમાર કંસારાએ સંભાળેલ હતું.

સૌ પ્રથમ આ કાર્યક્રમની શરૂઆત વારે ૯ થી ૧૦ કલાકે રજીસ્ટ્રેશન તથા ચા-નાસ્તો રાખેલ હતો. સમારંભની શરૂઆત સવારે ૧૦-૩૦ કલાકે શરૂ થયેલ. અતિથિ મહેમાનો તમજ પ્રમુખશ્રી સાથે દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવેલ ત્યારબાદ મહેસાણા જ્ઞાતિના સભ્યો તથા વડિલશ્રીઓના કોરોના દરમ્યાન તેમજ ત્યાર પછી જે જ્ઞાતિબંધુઓના નિધન પામી શ્રીજી ચરણ પામેલ તેઓશ્રી માટે દરેક જ્ઞાતિજનો પોતાના સ્થાન ઉપર ઉભા થઈ બે મિનિટનું મૌન રાખી સદગત્ આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના કરેલ.

પ્રોગ્રામની શરૂઆતમાં કંસારા જ્ઞાતિ મંડળ મહેસાણાના પ્રમુખશ્રી કંસારા હરેશભાઈ શાંતિલાલ દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી જ્ઞાતિ મંડળની પ્રગતિ ઉત્કર્ષ સંદર્ભે જ્ઞાતિનો ટૂંકો પરિચય આપેલ. મહેસાણા કંસારા જ્ઞાતિના વડિલ સ્વ. હરિશ્ચંદ્ર કાકા તથા સ્વ. કંસારા કિરીટભાઈ નટવરલાલ, એડવોકેટને યાદ કરી તેઓશ્રીની કાર્યસુચિ, તેમના વિચારો જ્ઞાતિ સમક્ષ રજુ કરેલ હતા.

મહેસાણા શહેર આજની તારીખે ખૂબ વિકસીત થઈ ગયેલ રેલ્વેમાર્ગ તથા નેશનલ હાઈવે સાથે જોડાયેલ એવું મિલ્ક સીટી શહેર છે જે આજે નગરપાલિકામાંથી મહાનગરપાલિકા જવા થઈ રહ્યું છે. જેમાં મહેસાણા શહેરમાં આપણી જ્ઞાતિના ૫૦ (પચાસ) થી વધુ ઘરો જેઓ પોતાના માલિકીના મકાનમાં સ્થાઈ થયેલ એવા જુદા જુદા ગોળ-ઘટકના કુટુંબો નોકરી-વ્યવસાય સાથે જોડાયેલા છે. જેઓ સાથે મળી સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવે છે.

કાર્યક્રમની શરૂઆત અતિથિ વિશેષશ્રી મહેમાનોનું શાલ ઓઢાડી બુકે અર્પણ કરી સન્માન કરવામાં આવેલ હતું. ત્યારબાદ અતિથિ વિશેષશ્રી કંસારા મણીભાઈ ભીખાલાલ તેઓએ પોતાના વિચારો જ્ઞાતિ સમક્ષ રજુ કરેલ હતા. ત્યારબાદ શ્રીમતિ પ્રેમલતાબેન ખોખરા તેઓએ જ્ઞાતિની બહેનો-દિકરીઓને ખૂબજ ઉંચું માર્ગદર્શન પુરુ પાડેલ હતું. કુટુંબની દરેક બહેનોએ પોતાની આવડત અને સમયને અનુલક્ષીને પ્રવૃત્તિ કરી કુટુંબમાં આર્થિક મદદરૂપ બનવું જરૂરી છે. અને દિકરીઓએ ઝાંસીકી રાણીની જેમ ઉચું મસ્તક રાખીને જીવવાનુંછે.

શુભેચ્છક : ગૌ.વા. નટવરલાલ એ. ખાખી પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
પૂર્વ પ્રમુખ - સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

આવા સુંદર વિચારો પ્રેમલતાબેને રજુ કરેલ હતા.

ત્યારબાદ અતિથિ વિશેષશ્રી હસમુખભાઈ ખાખી તેઓએ કંસારા જ્ઞાતિજનોને મરેજે બ્યુરો સંદર્ભે સુંદર માહિતી પુરી પાડેલ તેમજ મેરેજ બ્યુરોમાં કેવી રીતે રજીસ્ટ્રેશન કરવું તેની જાણકારી આપેલ. આજે સમાજમાં શૈક્ષણીક ક્ષેત્રે છોકરા-છોકરીઓ ખૂબજ આગળ વધી રહેલા છે ત્યારે મેરે બ્યુરોના માધ્યમ દ્વારા પુરતી માહિતી મલી રહે તેનો મુખ્ય હેતુ રહેલો છે. દરેક જ્ઞાતિના છોકરા-છોકરીઓ આમા જોડાય તેવી અપેક્ષા રાખવામાં આવે તેવું જણાવેલ. સમસ્ત કંસારા સમાજ સંચાલીત વેબસાઈટ વિષે માહિતી પૂરી પાડેલ. વેબસાઈટ www.samastkansara.com માં મુકવામાં આવતા ધી ટાઈમ્સ ઓફ કંસારા સમાજ ખોલી સમાજ સાથે જોડાઈ રહેવાઈ અપીલ કરેલ.




અતિશિ વિશેષશ્રીઓના પ્રવચન બાદ કંસારા જ્ઞાતિ મંડળના મંત્રીશ્રી હસમુખભાઈ કંસારા દ્વારા અગાઉના વર્ષના હિસાબોનું વાચન કરેલ અને સર્વાનુમતે મંજુર રાખેલ. જ્ઞાતિ મંડળ દરેક વર્ષે ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેમજ જ્ઞાતિના દરેક બાળકો શૈક્ષણિક તેમજ રમત-ગમત ક્ષેત્રે આગળ વધે તેવા હેતુથી જ્ઞાતિજનોને એક જ સ્થળે ભેગા થઈ એક બીજાનો પરિચય અને વિચારોની આપલે માટેનું આ સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવે છે. જેમાં આપણી જ્ઞાતિજનો તરફથી આર્થિક યોગદાન પુરૂ પાડેલ તેમજ બહારગામથી પધારેલ મહેમાનોએ જ્ઞાતિને આર્થિક યોગદાન આપી પ્રોત્સાહીત કરેલ તેમનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરેલ.

સદર પ્રોગ્રામમાં જે બાળકો તથા મોટી બહેનોએ રમત-ગમત તથા વકૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ તેમને ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. જ્ઞાતિના બાળકોએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પ્રોગ્રામને સફળ બનાવેલ હતો. તેમજ કૃષિ રૂતુલકુમાર કંસારા (સી.એ.) જેઓ આપણી પુષ્ટી માર્ગીય અને સંસ્કૃતિ સંદર્ભે તેમનો ઉમદા વિચારો રજુ કરેલ હતા. સાથો સાથ જશુમતીબેને હિન્દુત્વ તેમજ આજની પરિસ્થિતિ ઉપર સુંદર વિચારો આપી પ્રોત્સાહીત કાર્ય હતા.

છેલ્લે સદર પ્રોગ્રામ પૂર્ણ થયેલ જાહેર કરતા જ્ઞાતિના મંત્રીશ્રી કંસારા હસમુખભાઈએ સૌ જ્ઞાતિ ભાઈ-બહેનો, વડિલો, બાળકો તેમજ અતિથિ વિશેષશ્રીઓ પોતાનો કિંમતી સમય ફાળવી પ્રોગ્રામને સફળ બનાવ્યો તે બદલ આભાર વ્યક્ત કરેલ. પ્રોગ્રામ પૂર્ણ થયે સૌ જ્ઞાતિજનો અને મહેમાનોએ બપોરે ૨-૩૦ કલાકે સ્વરૂચિ ભોજન લઈ સૌ જ્ઞાતિ બંધુજનો આનંદ પ્રમોદ સાથે છુટા પડેલ નવા વર્ષમાં ફરીથી મળવાના કોલ સાથે સૌએ વિદાય લીધી હતી.




- સંકલન : કંસારા હસમુખલાલ વૃજલાલ (મંત્રીશ્રી)

**MATRIMONIAL**



# DHAVAL KANSARA

| | | |
|---|---|---|
| Date of Birth | : | 11 December 1996 |
| Birth Place | : | Ahmedabad, Gujarat |
| Time of Birth | : | 5:25 AM |
| Height | : | 5' 6" |
| Weight | : | 63 kg |
| Education | : | B.E Computer |
| Profession | : | Lead Engineer Simform Solutions, Ahmedabad. |
| Salary | : | 1,35,000 Per Month |
| Hobbies | : | Cricket, Music, Movie, Traveling |
| Father | : | Rameshbhai Haribhai Kansara<br>Retired Govt. Officer<br>Mo. : 9925513386 |
| Mother | : | Malvikaben Rameshbhai Kansara<br>Housewife<br>Mo. : 9104221174 |
| Sisters(Elder) | : | 1. Pooja Kansara (Married)<br>2. Chinky Kansara(Married) |
| Address | : | A-103, Shlok Parisar, Nr.Icb Floara, B/H. Vodafone Tower, Gota, Ahmedabad - 382481 |
| Mosal | : | Sugam Dahyalal Kansara<br>Ahmedabad |

# Vivek Chetankumar Mavani

| | | |
|---|---|---|
| Birth Date | : | 27/10/1999 |
| Height | : | 5'.10" |
| Weight | : | 70 Kg |
| Education | : | B.E. Computer (2021) |
| Occupation | : | Soft Ware Engineer, At Radix Soft Ware Services Pvt. Ltd. Ahmedabad |
| In Come | : | 60,000/- Month |
| Father Name | : | Chetankumar Babulal Mavani |
| Occupation | : | Service |
| Mother Name | : | Archana Chetankumar Mavani |
| Occupation | : | House Wife |
| Brother | : | No. |
| Sister | : | No. |
| Maternal | : | Sasikant Panachand Goradiya, Junagadh |
| Address | : | Plot No. 2715/B, Waghwadi Road, Kansara Bording, Bhavnagar, |
| Per. Add. | : | C/2, Yamuna Appartment, Gaurifaliyu, Bhavnagar, |
| E-mail | : | chetanbmavani@gmail.com |
| Contact | : | 9427751570, 9426807830 |

**MATRIMONIAL**



-: શુભેચ્છા સહ :-

# એ. સી. બ્રધર્સ એન્ડ કાું.

## કંસારા ચંદુલાલ મોહનલાલ પરિવાર

શિહોર - ૩૬૪૨૪૦.

(ઓ) ૦૨૮૪૬-૨૨૨૧૪૨, ૨૨૫૧૪૨

વિનુભાઈ : ૯૮૨૫૨૦૮૦૮૯

ડૉ. હર્ષદ (અમદાવાદ) : ૯૪૨૬૬૨૩૧૪૨

રજુભાઈ : ૯૮૨૫૨૦૮૦૭૧

યોગેશ : ૯૮૭૯૫૧૮૦૭૧

---

॥ શ્રી મહાકાળી પ્રસન્નોસ્તુ ॥

શુભેચ્છા સહ...

શ્રી મુકુંદરાય શાંતિલાલ ફાજલિયા પરિવાર



**Gaurang Fajalia** - Director

Cell : + 91 98257 86656

**Gravity Instruments** Private Limited

Web : www. gravityipl.com

**Works :** Gravity Instruments Pvt. Ltd.
8, R. K. Estate, B/h. Ekta Hotel,
Sarkhej Bavla Highway, Sarkhej,
Ahmedabad - 382 210 (Gujarat) INDIA

Tel. : +91 79 2689 0918 | Cell : +91 90999 21523


Email : support@gravityipl.com

**MANUFACTURING OF WEIGHING SCALES & SPARE PARTS**

---

*Best Quality Gift For All Occassions*

We are also the menu. of wall clocks& wall clock hands




# PRAKASH
## ANODISING WORKS

**MFRS. : Wall Clock Hands**
**Wall Clocks & Gift Articels**

Rakesh J. Karathia
Mo.94262 21810

Depak J. Karathia
Mo.98790 02106

5/6, Lati Plot Near Bharatiya Chamber,
MORBI-363 641(Guj.) Ph. (O.) 02822 - 250129, (R.) 220577

www : bellquartz.com - Email - bell_quartz@yahoo.in

---

**Tejas P. Meghani**
+91 - 9426303186

**Mayur P. Meghani**
+91 - 9429328187

**Mishal P.Meghani**
820-0524436



# Mayur Engineering
## Manufactur

**Alluminium Alloy Milk Can 20 ltr., 30 ltr., & 40ltr. With Lids ISI Mark S.S. Insulation Cans 304 SS. Milk Can 5 ltr., 10 ltr., & 40 ltr. with Lids Spare : Alu. & SS. Lids, Bottom Ring, Handle Bottom Dish**

F-1, Plot-179, G.I.D.C., Road B-11 Vitthal Udyog Nagar - 388 121.
Anand (Gujarat) Phone : (F) 02692-236122(M) 94263 03186

**E-mail : mayurengineering179@gmail.com**

# શ્રધ્ધા (૨)

- બાલકૃષ્ણ જેઠાલાલ દંગી (વઢવાણ)

મારા લેખથી અમુક લોકોને મારા વિચારો 'ખંડન' રૂપ લાગશે. પણ આજ ગુરુ બનાવવનો અને સંપ્રદાયની ટોળકી બનાવીને દુર્લભ મંત્ર અને ''પાખંડતા''ઓ એમ સમજો કે વધતી જ જાય છે. તેના અસ્તિત્વની સામે મારો કોઈ 'નિંદા' કરવાનો આશય નથી. પણ ગુરુ કે બાવાશ્રીઓ બનીને લોકોને પોતાનું 'પ્રલોભન' આપે તેની પ્રશંસા કેમ થાય ? સાચા ગુરુનો માનવીને તેની સાથે સંબંધ જોડવો તે ગુરુ કે અન્યનું કામ નથી. આ બાબતમાં એટલું જ કે, માનવીને ભગવાનની સાથે જોડાયેલા રહેવું જોઈએ. આ બાબતમાં એક વાત નક્કી છે કે ગુરુ કે બાવાશ્રીઓ સાથે સંબંધ રાખવાથી 'કલ્યાણ' થઈ જશે તેવું કોઈ વિધાન નથી. પણ કલ્યાણ પોતાનાં લગનથી થાય છે. તેઓની સાથે સત્સંગ કરીને તેઓની વાતોને જીવનમાં ઉપયોગમાં લો. પણ તેઓની સાથે સંબંધ જોડવો તે યોગ્ય નથી. જીવનમાં કોઈના ચમત્કારોથી કલ્યાણ થતું નથી. કારણ તેમના મા ધનનો લોભ અને કર્તવ્યના જ્ઞાનનો અભાવ અને સ્ત્રીઓનો મોહ જેવા રસરાગ પર જ રાખતો હોય છે. જેને આપણે પ્રાપ્ત કરવો તે પરમાત્મા સિવાય કોઈની પાસે નથી. પોતાના કલ્યાણ માટે ભગવાન સિવાય કોઈ દલાલની જરૂર નથી. પોતાની લગનીની જરૂર છે. કોઈ પણ સંતો કે બાવાશ્રીઓએ કોઈનો ઉદ્ધાર કર્યો હોય તેવું જાણવામાં આવ્યું નથી. ખરેખર તો માનવી પોતે જ ગુરૂ છે. અને ઉપદેશ પોતાનો જ લેવો. તોજ જીવનમાં કંલ્યાણ ઈશ્વરથી જ થશે. નહી કે સંતો કે બાવાશ્રીઓથી, અગર કલ્યાણ કરવું જ હોય તો એટલું કહીશ કે ગર્ભાકાળમાં 'ધારણ-પોષણ' કરનાર 'મા' નું ગૌરવ વધારે છે. એમ કહેવાય કે બ્રાહ્મણને ઘેર જન્મ લેવાથી કે જનોઈ પહેરવાથી કોઈ મહાન નથી બનતું. પણ ભગવાને તેઓને અભિમાન ન આવી જાય .તેમના જીવીકા ગૃહસ્થોને આધિત તેમને મર્યાદાઓમાં રાખેલ છે. તેમાં ગૃહસ્થનો હાથ ઉપર અને સાધુઓનો હાથ નિચે રાખેલ છે. આજના કહેવાતા ગુરુ કે યજમાનનો હીતને માટે કે ઉદ્ધાર કરવા માટે કંઈ લેતા હોય તો દોષ નથી. પણ પોતાનાં સુખ અને એશો-આરામ કરવા માટે ધન લે તો અને ધનવાન બનવા માટે ધન ભેગુ કરે તો મોટો દોષ કહે છે. આજ માનવી પોતાની 'કિર્તી'ને માટે ધન-પૂણ્ય કરે તો તે દાની નથી બની જતો. પણ તેને તેના ધનનું અભિમાન હોય છે. તેમાં આજ ચમત્કાર પ્રિય પ્રજા જીવનમાં ક્યારેય 'આદર્શક' પામી શકતી નથી. જગતમાં કોઈ પણ 'ધર્મગુરુગ્રંથ'માં ચમત્કારોને ધર્મનું અંગ કહેવામાં આવ્યું નથી. જીવનમાં માનવી ઉપાસક ચમત્કારથી જેટલો દુર રહે તેટલો 'સાત્વિક ઉત્કર્ષ' કરી સકે છે. ચમત્કાર ના ઘેલછા માનવીને 'કાયર' અને 'કર્તવ્યભ્રષ્ટ' કરી મુકે છે. ઈશ્વર પ્રત્યે આસ્થા જગાડવામાં 'ચમત્કારો' અવરોધ રૂપ છે. એક વાત નક્કી છે કે બુદ્ધિશાળી માનવી એમજ વિચારશે કે દેવ-દેવીઓ શા માટે ચમત્કાર કરે ? ચમત્કાર કરીને ઈશ્વર માનવી પાસે કઈ અપેક્ષા રાખે ? એમ સમજે કે જાદુગર જાદુ કરીને ચમત્કાર કરીને પૈસા કમાય છે. પણ ઈશ્વર ને તે માટે આવુ કાંઈ હોતું નથી કે ચમત્કાર કરે ! ચમત્કાર કરનારા પાખંડીઓ જ હોય છે. દોરા-ધાગા અને મંત્રતંત્ર કે તાવિજો કરનારાઓ અન્યના ઉદ્ધાર કરનારા પોતે જ પોતાના પ્રશ્નો ઉકેલી શકતા નથી.

ઉદાહરણ માટે એક ભાઈ તેની ગર્ભવતી પત્નિને લઈને પુત્ર જન્મની ખાતરી માટે ચમત્કાર કરનારાઓ મંત્રેલા પડીકાઓ આપતા હોય છે. પણ તેના જ ઘરમાં ચાર-પાંચ દીકરીઓ હોય છે. ઉદાહરણ બીજુ, એક જ્યોતિષની દીકરીના લગ્ન પછી એક જ વર્ષમાં વિધવા થઈ ગઈ. પુત્રીના લગ્ન કુંડળી મેળવીને અને ભરપૂર અભ્યાસ કરીને દીકરીનાં લગ્ન કર્યા હતા. છતાં પણ આવું પરિણામ કેમ આવ્યું ? ધન કમાવા માટે દોરા ધાગા કરવા અને મંત્રો બતાવનાર પોતે જ ધન માટે વલખા મારતો હોય છે. અંતમાં એટલુંજ કે આપણી માન્યતાથી નડતા ગ્રહો ઈશ્વરના દલાલો અને એજન્ટો એજ આપણી પડતીની પનોતી જ છે. એક વાત છે કે સંતો-મહંતો કે બાવાશ્રીઓ મહાન હશે પણ ભગવાન તેનાથી મહાન છે. આ સૃષ્ટીમાં પરમાત્મા પરમસત્ય સિવાય કોઈજ નથી. કોઈ વ્યક્તિ તો નહી જ ! જીવનમાં અંતિમ પરમકૃપાળુ પરમાત્મા જ છે. (ક્રમશઃ ભાગ-૩)

શુભેચ્છક : પૂર્વપ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ પ્રમુખશ્રી સરગમ ક્લબ, રાજકોટ.

શુભેચ્છક : ગુણવંતરાય નટવરલાલ ખાખી (વિરમગામવાળા) પરિવારના જયશ્રી ગોપાલ - અમદાવાદ
સહમંત્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

શુભેચ્છક : પૂર્વ પ્રમુખશ્રી બટુકલાલ વ્રજલાલભાઈ ગોરડીયા પરિવારના જય ગોપાલ
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ.

**NIF Mechanical Works Pvt. Ltd.**

**SHAILESH KANSARA**
Director

Block No. 338/1, Behind GIDC,
Kabilpore, Ganesh Sisodra - 396463
District. Navsari, Gujarat, India

: Phone :
+91-2637258668 / 250667

: Email :
shaileshkansara@windwell.com
nifgroup@windwell.com

: Website :
www.windwell.com

---

અતુલભાઈ ૯૪૨૭૧૩૯૯૩૫
હાર્દિકભાઈ ૮૦૦૦૭૯૯૫૭૦

રમેશભાઈ ૯૮૭૯૨૪૨૬૬૧
ફોન : ૦૨૮૪૬-૨૨૨૮૬૦

જુના અને જાણીતા

## કંસારા મણીલાલ દીયાળજી

(કાંસાવાળા)



દરેક જાતના તાંબા-પિત્તળના
તથા શુદ્ધ કાંસાના વાસણો તેમજ કાંસાના
ડીનરસેટ બનાવનાર તથા વેચનાર.

કંસારા બજાર, મલબારી વંડાની પાસે,
શિહોર-૩૬૪૨૪૦.

---

Making Things Happen
Reliable Solar
Switch-on the Sun!

## સરકાર દ્વારા રજિસ્ટર્ડ ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર

શું તમે તમારું વીજળી બિલ બચાવવા માંગો છો?

શું તમે પ્રકૃતિ પ્રેમી છો?

અમારી પેનલ શ્રેષ્ઠ ગુણવત્તા સાથે વિશ્વાસપાત્ર છે.



**ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ**

- રહેણાંક સોલાર પ્લાન્ટની સ્થાપના
- કોમર્શિયલ સોલાર પ્લાન્ટની સ્થાપના
- ઔદ્યોગિક સોલાર પ્લાન્ટની સ્થાપના

**સોલાર પ્લાન્ટનું સંચાલન અને જાળવણી**

- સોલર પેનલ માટે સફાઈ સિસ્ટમ
- સોલાર પ્લાન્ટ માટે થર્મોગ્રાફી
- ઇન્વર્ટર માટે સમારકામ સેવા
- ટ્રાન્સફોર્મર્સ માટે સમારકામ સેવા
- HT/LT પેનલ માટે સમારકામ સેવા

**40% સુધી ફાયદો મેળવો**

**અહીં તમારી વિગત ભરો ⬇**

**હમણાં જ સંપર્ક કરો :**

**+91 6355519196 / 9327168907**
**કંસારા જયમીન ભાસ્કરભાઇ ફાજલીયા**
**રીલાએબલ કન્સલ્ટિંગ એન્જિનિયર્સ**

605 Signet hub, Akshar Chowk, Old Padara Road, Vadodara-390020
Email: sales@onlinerce.com; Website: www.reliablesolar.net

---

Harshad Kansara : 9714340260
Gaurav Kansara : 9924085741
Krunal Kansara : 9601773417
Phone : 079-22153002

## Navneet Traders
## નવનીત ટ્રેડર્સ

**Gold Silver Merchant**

Intercome - *002

2297/1, First Floor, Montu Band Ni Niche,
Girish Coldrinks ni Bajuma
Manekchowk, Ahmedabad-1

# જીવનમાં ક્યારેક તો ભૂલ થઈ હશે...ને....!

- કમલેશ કંસારા (અમદાવાદ)

ઘણાં યુવાન-યુવતીઓને એક જ પ્રશ્ન પજવતો હોય છે કે પોતાની જાતને સ્માર્ટનેસ બતાવવા ના આવેગમાં પોતે કોઈ ગંભીર ભૂલ કરી બેઠા હોય તો તે ભૂલ લગ્ન બાદ એક પડછાયાની જેમ પીછો કરે છે. તો શું આવી કરેલી ભૂલને પોતાના લાઈફ પાર્ટનરને નિખાલસતાપૂર્વક સ્પષ્ટ કહી દેવી કે પછી છુપાવી રાખવી જોઈએ !

જો ભૂલને છુપાવી રાખીએ તો જીવન ભર આપણને ખોટું કર્યાનો ડંખ રહે છે અને એને ન છુપાવીએ તો સંબંધ તૂટાવનો ભય રહે છે. આ વાતને ગુપ્ત રાખીએ તો લાઈફ પાર્ટનર સાથે વિશ્વાસઘાત કર્યાનો ડંખ રહે છે. અને જો એ વાત જાહેર કરીએ તો જીવન સાથીની નારાજગી અને અવિશ્વાસના ભોગ બની એ છીએ. આપણે છુપાયેલ ગુપ્ત વાતો જ્યારે જીવન સાથીને બહારના માધ્યમોથી પ્રાપ્ત થાય છે ત્યારે જીવનમાં એક ભયંકર વિસ્ફોટ સર્જાય છે. આપણે પણ ધોખેબાજ, દગાબાજ, જુઠાનું કારક લાગે છે. ક્યારેક સંબંધો તૂટતા લોહીયાળ બની જાય છે. ત્યારે મનમાં પસ્તાવો થાય છે કે આના કરતાં સંબંધ બાંધ્યા પહેલાં જ શરૂઆતમાં ભૂલ કબૂલી લીધી હોત તો આ સમસ્યા ઉભી ન થઈ હોત.

શરૂઆતમાં કબૂલ કરેલી ભૂલને ઓછા લોકો જાણે છે પણ હવે આખા સમાજમાં ફજેતી થશે અને આજ સુધી છુપાવી રાખીને જીવન સાથે કરેલા વિશ્વાસઘાતના કારણે લોકોનો આપણા પરથી ભરોસો ઉઠી જાય છે. એટલે એવી કોઈ ગંભીર ભૂલ થયેલી હોય તો અને જે ભવિષ્યમાં વિસ્ફોટ સરજી શકે એવી હોય તો તેનો સહજ સ્વિકાર કરીને કબૂલી લેવી જોઈએ. શરૂઆતમાં કદાચ ઓછું નુકશાન થાય અથવા સમાજમાં ઓછી ફજેતી થાય એનો કદાચ લાભ મળી શકે. કદાચ આપણે કરેલી કબૂલાત આપણા જીવનસાથી સામે સ્પષ્ટતા અને નિખાલસતા ના કારણે જીવનસાથીની નજરોમાં એક માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી શકાય છે.

ક્યારેક ભૂલ કબૂલ કરતી વખતે પરસેવો છૂટી જાય છે. અને એક અજ્ઞાત ભયથી શરીર કંપી ઉઠે છે. પરંતુ એક વખત ભૂલ કબૂલ કરવાનું સાહસ આપણને જીવનમાં ક્યારેય કોઈની સામે ઝૂકવા દેતું નથી. ભૂલ કબૂલ્યા બાદ આપણી પર દગાબાજ-કપટી એવા લાંછન લાગતા નથી. ઉલટાનું સામેની વ્યક્તિના દિલમાં આપણને વિશ્વાસનું સિંહાસન મળશે. પોતાની ભૂલને સીધેસીધું નહિ તો સમય પારખીને, સામેની વ્યક્તિના મૂડને ઓળખીને એક ભૂમિકા બાંધીને પોતાની ભૂલ રજૂ કરવી. પ્રિય પાત્રને વિશ્વાસમાં લઈને શાંત ચિત્તે સામેની વ્યક્તિને જોરકા ઝટકા ધીરે સે લાગે એવી સભાનતા-સંવેદના સાથે પોતાની વાતને રજૂ કરવી પણ વાત અવશ્ય કરવી.

પરમેનેન્ટ રિલેશનમાં ટ્રાન્સપરન્સી હોવી આવશ્યક છે. જીવનમાં ગંભીર ભૂલ ન થાય એ માટે સજાગ રહેવું કેટલું આવશ્યક છે. ખોટી દહેશત અને ખોટા ભય હેઠળ આખું જીવન જોખમમાં ન મુકવું હોય તો નિખાલસ અને સ્પષ્ટ જીવન જીવવાની આદત અને આવડત કેળવવી જોઈએ. જુઠી વ્યક્તિને હજાર જાતના ભય હોય છે, નિખાલસ વ્યક્તિને ક્યારેય કોઈનાથી ડરવાનું હોતું નથી.

## શુભેચ્છા ભેટ

રૂા. ૧,૦૦૦/- જ્ઞાતિ તરફથી શુભેચ્છા.


રૂા. ૧,૦૦૦/- કંસારા નરેન્દ્રભાઈ શાંતિલાલ - સુરત

## નવા આજીવન સભ્યોની યાદી

૧. કંસારા સંદિપ અશ્વિનભાઈ - મોરબી

૨. કંસારા વિસ્મય સુરેશભાઈ - બેંગ્લોર

## શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ અમદાવાદ



સહર્ષ ખુશાલી સાથે સર્વે જ્ઞાતીજનોને જણાવવાનું કે સેટેલાઈટ નિવાસી પોમલ મોહનલાલ પરસોતમદાસ પરિવારના શ્રી હિતેશભાઈ મનહરભાઈનો સુપુત્ર શ્રી પોમલ કુશલ હિતેશભાઈ C.A ની ફાઈનલ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરેલ છે.

મંડળના તમામ જ્ઞાતીજનો કુશલને તથા સમસ્ત મોહનલાલ પરસોતમદાસ પોમલ પરિવારને ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

શુભેચ્છક : ગૌ.વા. કંસારા દેવચંદભાઈ ગોરધનદાસ પાટડીયા પરિવારના સર્વેને જય શ્રીકૃષ્ણ - પાટડી
હ. કંસારા શાંતિલાલ દેવચંદભાઈ - પ્રમુખશ્રી : સમૂહ લગ્ન ટ્રસ્ટ - વઢવાણ

# The Let Them Theory

– ઉષા દંગી (ધ્રાંગધ્રા)

એટલે કે જેને જેમ કહેવું હોય કે કરવું હોય તે કરવા દો. જેમ કે આપણા મિત્રો પ્રવાસે ફરવા જાય છે. આપણને ઈચ્છા તો હોય છે. પણ આપણને કહ્યું નથી તો ? તેમને જવા દો. આપણે કોઈને પ્રેમ કરીએ છીએ પણ તેને ઈન્ટરેસ્ટ નથી તો તેમને કન્વીન્સ કરવા કોશીશ ન કરવી જોઈએ. આપણે કોઈનો સાથ ઝંખતા હોઈએ પણ તેઓની પાસે સમય નથી. તો તેમને તેમનું કામ કરવા દો. આપણે કેટલો બધો સમય અને ઉર્જા બીજા આપણા પ્રમાણે વર્તે તેવો પ્રયત્ન કરવામાં બગાડી નાંખીએ છીએ. પરંતુ હકીકત એ છે કે આપણે કોઈને બદલી શકવાના નથી. આપણે આપણી ઈચ્છા રજુ કરી શકીએ છીએ કે તેમના માટે શું સારુ કે યોગ્ય છે. તેનો અભિપ્રાય આપી શકીએ પણ એ સિવાય બીજું કશું આપણા કંટ્રોલમાં નથી .આપણી સલાહ પ્રમાણે તેઓ વર્તે તે જરૂરી નથી. જ્યારે તેઓ તેમની વૃત્તિ મુજબ વર્તે છે. ત્યારે જ તેઓની ખરી ઓળખ કે પ્રકૃતિની ખબર પડે છે. તેથી આગળ શું કરવું તેનો નિર્ણય આપણે સહેલાઈથી લઈ શકીએ છીએ અને એથી એવી વ્યક્તિથી અળગા થવાની તક મળે છે જેઓના વર્તન ને નિસ્બતથી આપણને શંકા કે અસલામતી હોય. સારું એજ છે કે કાંઠે ઉભા રહી જોયા કરવું કે પ્રવાહ કઈ બાજુ છે.

Lets be ok with them :

પાંચ પ્રકારના લોકોને સ્વીકારી લઈએ તો મનદુઃખ થવાના પ્રસંગો ઘણા ઘટી જાય છે.

(૧) જેમના માટે આપણે અપ્રિય છીએ તેઓ ક્યારેય આપણને પસંદ નહી કરે પણ ઓકે તેમના દ્વારા પ્રેમ કે પસંદગી પામવા આપણે આ ધરતી પર આવ્યા પણ નથી. (૨) તેઓ ક્યારેય કોઈ વાતમાં આપણી સાથે સહતમ થતાં નથી. જો આપણું કામ અટકતું ના હોય તો આપણે ક્યાં કોઈને કન્વીન્સ કરવા છે. (૩) તેઓ ક્યારેય આપણને આમંત્રણ નહી આપે. જો મન ગમતું પુસ્તક કે પ્રવૃત્તિ કરવા મળી જાય તો આપણને ક્યારેય ઉપકાર કે અવગણનાથી બહુ ફેર પડતો નથી. (૪) જેઓ આપણું અહિત ઈચ્છે છે. જો કે કોઈના ઈચ્છવાથી ક્યાં કશુ થાય છે. જો આપણે પોતાનું હિત કરીએ કે ઈચ્છીએ છીએ તો અન્યના અહિત ઈચ્છવાથી કશો ફેર પડતો નથી. (૫) જેઓ એવું માને છે કે આપણે હંમેશા ખોટા જ હોઈએ છીએ. તો તેઓને માનવા દો આપણે ક્યાં સાચા સાબિત થવું છે, જેઓ આપણને ઓળખે છે તેમને સાબીતી ની જરૂર નથી. પણ જેઓ આપણને નથી ઓળખતા તેમની સામે કશુંય સાબિત કરવાનો વ્યર્થ પ્રયત્ન શું કામ કરવો.

ડૉક્ટર નીમિત્તે ઓઝાની આ વાત બહુ સુંદર રીતે આપણને વહેવાર ને વર્તનની વાતો શીખવે છે.

ચાલો દુઃખ મનદુઃખનો અહેસાસ દૂર કરી લઈએ ફક્ત થોડુંક હસી લઈએ.

## લગ્ન વિષયક

## દર્શન દિપકભાઈ ગોરડીયા



| | | |
|---|---|---|
| સરનામું | : | સી-૬૫, વિમલનાથ સોસાયટી, જૈન દેરાસર પાસે, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. |
| જન્મ તારીખ | : | ૧૦-૦૬-૧૯૯૬ |
| જન્મ સમય | : | ૯-૫૦ (રાત્રીના) |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| ઉંચાઈ | : | ૫'૮'' |
| વજન | : | ૭૦ કિલો |
| અભ્યાસ | : | બી.ઈ. - મિકેનિકલ એન્જિનીયર ઈન ઈન્ડિયા, મિકેનિકલ એન્જિનીયરીંગ એન્ડ મેનેજમેન્ટ (કેનેડા) |
| નોકરી | : | ક્વોલીટી એન્જિનીયર - રોકવેલ ઓટોમેશન કેમ્બ્રિઝ કેનેડા |
| સરનામું | : | કિચનર ઓન્ટારીયો કેનેડા |
| પિતાનું નામ | : | દિપકકુમાર રમણલાલ ગોરડીયા |
| માતાનું નામ | : | મધુબેન દિપકભાઈ ગોરડીયા |
| મોસાળ | : | નટવરલાલ ભોગીલાલ લાલાણી (શિહોર) |
| ભાઈ | : | પુજીત દિપકભાઈ ગોરડીયા (પરણીત) |
| બહેન | : | ક્રિષ્ના ભાવીનકુમાર કંસારા (પરણીત) |
| મોબાઈલ | : | ૯૮૨૫૦૪૮૭૩૪ (કુંદનભાઈ ગોરડીયા) ૯૨૭૪૫૪૬૭૬૧ (મધુબેન ગોરડીયા) |

**નોંધ : કેનેડામાં PR થઈ ગયેલ છે**

# લગ્ન વિષયક



**હર્ષ રાજેશભાઈ ગોરખીયા**

| | |
|---|---|
| જન્મ તારીખ | : ૦૮-૧૨-૧૯૯૮ |
| જન્મ સમય | : સવારે ૦૮-૦૫ |
| જન્મ સ્થળ | : અમરેલી |
| ઉંચાઈ | : ૫ ફૂટ ૬ ઈંચ |
| વજન | : ૭૨ કિલો |
| અભ્યાસ | : B.Tech કમ્પ્યુટર એન્જિનિયરીંગ ચારૂસેટ યુનિવર્સીટી, ચાંગા, જિલ્લા નડિયાદ |
| નોકરી | : ગેટવે ગ્રુપ ઓફ કંપની, બોડકદેવ, પકવાન ચાર રસ્તા, અમદાવાદ. |
| પદ | : સિનિયર સોફટવેર એન્જિનિયર |

**પરિવારની વિગત**

| | |
|---|---|
| પરિવાર | : બાબુલાલ જગજીવનદાસ ગોરખીયા (અમરેલી) |
| પિતાનું નામ | : રાજેશભાઈ બાબુલાલ ગોરખીયા |
| પિતાનો વ્યવ. | : ગોપાલ મેડિકલ એન્ડ જનરલ સ્ટોર, અમરેલી |
| માતાનું નામ | : પારૂલબેન રાજેશભાઈ ગોરખીયા |
| ભાઈ | : હાર્દ રાજેશભાઈ ગોરખીયા (અપરણિત) |
| અભ્યાસ | : BE પર્યાવરણ એન્જિનિયર (હાલમાં માસ્ટર્સ - મોનાશ યુનિવર્સિટી, મેલ્બર્ન, ઓસ્ટ્રેલીયા) |

**સંપર્કની વિગત**

| | |
|---|---|
| મોબાઈલ | : ૯૪૨૬૧ ૨૭૦૩૬ |
| ઈ-મેઈલ | : harshgorakhia@gmail.com |
| સરનામું | : રાજેશભાઈ બાબુલાલ ગોરખીયા, આનંદનગર-૧, વૈશાલી પાનની પાસે, ચક્કરગઢ રોડ, અમરેલી. |
| મોસાળ | : કંસારા અમૃતલાલ પિતાંબરદાસ સાકરીઆ (ધોરાજી) |

## ઉચ્ચ અભ્યાસાર્થે વિદેશ ગમન



**શ્રીમતી પારૂલબેન તથા શ્રી રાજેશભાઈ બાબુલાલ ગોરખીયાના સુપુત્ર ચિ. હાર્દ ઓસ્ટ્રેલીયાની પ્રખ્યાત Monash University, Melbourne ખાતે Master of Business ના ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રસ્થાન કરેલ છે. ચિ. હાર્દ એ અમદાવાદ સ્થિત L.D. College ખાતેથી B.E. (Environment) માં અભ્યાસ સંપન્ન કરેલ, ત્યારબાદ આરતી ઈન્ડસ્ટ્રીઝ લી., ભરૂચ ખાતે Environment & Sustainability Officer તરીકે સેવાઓ આપેલ.**

ગો.વા. કં.વૈ. બાબુલાલ જગજીવનદાસ ગોરખીયા (દાદા)
ગો.વા. કં.વૈ. વિજયાબેન બાબુલાલ ગોરખીયા (દાદી)
કં.વૈ. રાજેશભાઈ બાબુલાલ ગોરખીયા (પિતા)
કં.વૈ. પારૂલબેન રાજેશભાઈ ગોરખીયા (માતા)
કં.વૈ. હર્ષ રાજેશભાઈ ગોરખીયા (ભાઈ)
કં.વૈ. પ્રકાશભાઇ બાબુલાલ ગોરખીયા (મોટા બાપુજી)
કં.વૈ. અમૃતલાલ પીતાંબરદાસ સાકરીઆ (નાના)
કં.વૈ. વિલાસબેન અમૃતલાલ સાકરીઆ (નાની)
કં.વૈ. વિમલભાઈ અમૃતલાલ સાકરીઆ (મામા)
કં.વૈ. હેમલભાઈ અમૃતલાલ સાકરીઆ (મામા)
કં.વૈ. રાજેનભાઈ અમૃતલાલ સાકરીઆ (મામ)
ગો.વા.કં.વૈ. મનસુખલાલ જગજીવનદાસ ગોરખીયા (દાદા)
ગો.વા.કં.વૈ. મણીલાલ જગજીવનદાસ ગોરખીયા (દાદા)
કં.વૈ. કનૈયાલાલ જગજીવનદાસ ગોરખીયા (દાદા)

## સહયોગી ફર્મ

- શ્રી ગોપાલ મેડીકલ એન્ડ જનરલ - અમરેલી - રાજેશભાઈ
- મે. ગોરખીયા બ્રધર્સ - અમરેલી - ધર્મેન્દ્રભાઈ
- કુલદીપ ડાયપર હાઉસ - અમરેલી - કુલદીપ, નીરજ
- કેરીપેકર સ્પોર્ટસ - અમરેલી - મયુરભાઈ
- શ્રી યમુના સ્ટીલ - સુરત - નીતીનભાઈ
- મનન સ્ટીલ સેન્ટર - રાજકોટ - હિરેનભાઈ

RNI No.GUJGUJ/2009/30908. Posted Ahmedabad P.S.O. on 15th of every month under Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH

KANSARA

Kansara Modler Limited
An Indo-German Joint Venture
A-41(B), M. I. A., Phase Second, Basni,
Jodhpur-342005, Rajasthan, India
Tel.: +91 291 2741656
+91 291 5120656
Fax: +91 291 2740657
email: info@kansara.com
web: www.kansara.com

World Class Rollers For The Whole World

## આજીવન સભ્યો જોગ નમ્ર નિવેદન

દર મહિનાની પંદરમી તારીખે અવિરત પણે પ્રકાશીત થતું, ઘ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ આજીવન સભાસદ અને સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વચ્ચે સેતુ બનેલ છે એક અનોખું માધ્યમ સાબીત થયેલ છે.

આપ સૌને વિદિત છે કે અવિરત લોક ચાહનાને વરેલ સદર પ્રકાશન, છેલ્લા વીસ વર્ષથી આપની સમક્ષ પ્રકાશીત કરી રહ્યા છીએ. ગત વિતેલ વર્ષોં દરમ્યાન કાગળની, છપામણીની, ઓફિસના, તેમજ અન્ય આકિસ્મક ખર્ચાઓમા સત્તત વધારો થતો આવેલ છે, તેમજ પ્રકાશનના કલેવરમાં બદલાવ લાવવા, આપ સૌ જ્ઞાતિજનો/હોદ્દેદારો/કારોબારી સભ્યો/આજીવન સભાસદો આપની અનુકુળતા પ્રમાણે, આપના કુટુંબ- પરિવારના સારા માઠા પ્રસંગોએ અનુદાન તેમજ શુભેચ્છા ભેટો લખાવીને સમાજને આગળ લાવવા અચુક સહભાગી બની શકો છો

આપ આપણા સમસ્ત કંસારા સમાજના બેંક ખાતામાં, સ્વયંમ તમારી ઈચ્છીત રકમ ભરપાઈ કરીને સમાજ સેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અચુક સહયોગ આપશો. આપ જાતે તો સહયોગ આપશોજ, પણ સાથે આપણા સમાજના જ્ઞાતિજનોને પણ તેમ કરવા પ્રેરણા આપી સમાજની મુક સેવા કરવાનો અનેરો લ્હાવો મેળવવા સહભાગી થશો.

લી. સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

પ્રકાશન અને મુદ્રક : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી શ્રી **ભરતભાઈ સી. શેઠ** દ્વારા
મારૂતિ પ્રિન્ટર્સ એન. આર. એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ ફોન : ૨૫૬૨૫૫૫૯, ૨૫૬૨૧૩૧૨ ખાતે મુદ્રિત અને પ્રકાશિત

**ખાસ સુચના :** **૧.** સમાજ દ્વારા અંક દરેક માસની પંદર તારીકે પ્રસિદ્ધ કરી પોસ્ટ કરવામાં આવે છે. **૨.** સમાજ દ્વારા અંક ફક્ત આજીવન સભ્યોને જ મોકલવામાં આવે છે. **૩.** અંક ન મળ્યા અંગેની ફરિયાદ સમાજની ઓફિસે પોસ્ટકાર્ડ લખીને મોકલી આપવી. **૪.** અંકમાં પ્રસિદ્ધ થતા લખાણો જે તે લેખકની જવાબદારીએ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તેવા લખાણો બાબતે સમાજ કે તેના હોદ્દેદારો સંમત છે તેવું માની લેવું નહી. **૫.** દરેક સમાચાર, માહિતી, લેખ ફુલસ્કેપ કાગળમાં ડાબી સાઈડે હાંસિયો રાખી એક સાઈડે સુંદર સ્પષ્ટ અક્ષરોમાં લખી જણાવો. **૬.** ફોટાઓ મોકલવા માંગતા હોય તો તે ફોટાને લગતી માહિતી તે ફોટા પાછળ નામલખી મોકલી આપો. **૭.** શૈક્ષણિક માહિતી, પરીક્ષા અંગેની હોય તો માર્કશીટની સર્ટિફાઈડ નકલ મોકલવી, માર્કશીટ ઉપર નામ, ધોરણ, સરનામું વગેરે ખાસ લખવા અને ફોટો હોય તો જમણી બાજુ સ્ટેપ્લર પીન લગાડવી.

**રવાના : શ્રી સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)**

૨૫૧, એલીસબ્રીજ શોપીંગ સેન્ટર, એલીસ બ્રીજ પલીસ સ્ટેશન પાસે,
એલીસ બ્રીજ, ટાઉનહોલ સામે, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન :૦૭૯-૨૬૫૭૪૦૭૦